











## ખેરગામ કોલેજ મિયાઝરીમાં વાર્ષિક શિબિરનું ઉદઘાટન



ખેરગામ | ખેરગામની સરકારી વિનયન અને વણિજ્ય કોલેજનો રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા 'સામાજીક જન જાગૃતિ અને તંદુરસ્ત સમાજ માટે યુવાનો' અંગેનો ખાસ શિબિર ચીખલી તાલુકાના મિયાંઝરી મુખ્ય કેન્દ્ર પ્રાથમિક શાળાના પટાંગણમાં ડો. એસ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો છે. આચાર્યએ પોતાના પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યું કે 17થી 13 જાન્યુઆરી સાત દિવસ સુધી ચાલનારા આ શિબિર દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ જેમકે પ્રભાત ફેરી, યોગા,સાક્ષરતા અભિયાન, મતદાર જાગૃતિ અભ્યાન રેલી, રમત ગમત, ગામનો સર્વે, અંધશ્રધ્ધા નિવારણ, વ્યસનમુક્તિ સંદેશ, બૌધિક વ્યાખ્યાન, સ્ત્રી સશક્તિકરણ વગેરે કાર્યક્રમની જાણકારી આપી. તેઓએ એમ પણ જણાવ્યું કે N.S.S શિબિર સ્વયંસેવકોમાં સામાજિક એકતા અને રાષ્ટ્રીય એકતાને જાગૃત કરી આપતું પ્લેટફોર્મ છે. પ્રાથમિક શાળા મિયાંઝરીના આચાર્ય જિતેન્દ્રકુમાર ધનગર, ઉપાચાર્ય પરસોતભાઈ દેશમુખ, ગીતાબેન ગામિત, મિયાંઝરીના સરપંચ લીલાબેન એ ગામિત, ડેપ્યુટી સરપંચ હસમુખભાઈ આર. ગાયકવાડ, રતનભાઈ ગાયકવાડ, અમ્રતભાઈ પટેલ, રાયુભાઈ માહલા, નિવૃત્ત શિક્ષક ડાહ્યાભાઈ, લાલભાઈ પટેલ, નિવૃત્ત નાયબ ટીડીઓ રતુભાઈ ગાંવિત,ભૂતપૂર્વ N.S.S. સ્ટેટ લેવલ એવોર્ડ વિજેતા વિદ્યાર્થી સ્નેહલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

Divy Bhaskar-Navsari, 20-01-2019, Page No.02

**પારડી કોલેજના ઉપસ્થિત મહેમાન અને ઉદઘાટક એસો.પ્રો.કે.બી.પરમારનો પરિચય આપી દિપ પ્રાગટ્ય કરી N.S.S. ખાસ વાર્ષિક શિબિરનો પ્રારંભ કરાવતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ**













પ્રભાત ફેરી, સફાઇ કામ અને રંગ કામમાં વ્યસ્ત N.S.S. ના સ્વયંસેવકો









સર્વેક્ષણની કામગીરીમાં વ્યસ્ત N.S.S. ના સ્વયંસેવકો અને નિરિક્ષણ કરતા પ્રોગ્રામ ઓફિસર
સુનિલભાઇ એમ.જાદવ





શાળાના બાળકો સાથે રમત-ગમતમાં વ્યસ્ત **N.S.S.** ના સ્વયંસેવકો અને નિરિક્ષણ કરતા પ્રોગ્રામ ઓફિસર




પૂર્ણાહૂતિ પ્રસંગે પધારેલા મેહમાનશ્રી બીલીમોરાની વી.એસ.પટેલ કોલેજના પ્રો.ડૉ. જયંતભાઇ આર.પટેલ



ઉપસ્થિત મેહમાનશ્રી પ્રો.ડૉ. જયંતભાઇ પટેલનું સ્વાગત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ




સ્પર્ધામાં વિજેતા થયેલા બાળકોને ઇનામ વિતરણ કરતા પ્રો.ડૉ. જયંતભાઇ આર.પટેલ



સ્પર્ધામાં વિજેતા થયેલા બાળકોને ઇનામ વિતરણ કરતા  આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ











શિબિરાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરતા
ડૉ. જયંતભાઇ આર.પટેલ

N.S.S. કાર્યક્રમ પૂર્ણ કરી કોલેજ પ્રસ્થાન કરતા
સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસર



NSS શિબિર એટલે સ્વયંસેવકોમાં એકતાને જાગૃત કરવાની તક : ડૉ. પટેલ

ચીખલી તાલુકાની મિયાંઝરી મુખ્ય કેન્દ્ર પ્રાથમિક શાળામાં ખેરગામ કોલેજનો શિબિર યોજાયો

નવસારી ડાંગ સંદેશ, તા. ૨૧-૦૧-૨૦૧૯ page no 07



## વિદ્યાર્થીઓએ 200 પરિવારને મળી સામાજિક-આર્થિક સ્થિતિનો સર્વે કર્યો

ખેરગામ કોલેજનો તંદુરસ્ત સમાજ માટેનો NSS કેમ્પ સંપન્ન

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

ખેરગામની સરકારી અને વાણિજ્ય કોલેજનો રાષ્ટ્રીય સેવા યોજનાનો વાર્ષિક કેમ્પ 'સામાજિક જન જાગૃતિ અને તંદુરસ્ત સમાજ માટે યુવાનો' ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ મીયાંઝરી ગામની મુખ્ય પ્રાથમિક શાળાના પટાંગણમાં યોજાયો હતો. સાત દિવસના આ શિબિરમાં 72 વિદ્યાર્થીઓએ ગામમાં સર્વે હાથ ધરી 200 પરિવારની આર્થિક, સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ મેળવી પૂર્ણાહુતિ સમયે અનુભવો રજૂ કર્યા હતા.

કેમ્પમાં પ્રાથમિક શાળાના પટાંગણની સાફસફાઈ તેમજ રંગકામ, ગામમાં મંદિર તેમજ દરગાહની સાફસફાઈ, પંચાયત ઘરની તેમજ સહકારી દૂધ મંડળીની સફાઈ બૌદ્ધિક વ્યાખ્યાનો, બાળકો સાથે રમતગમત તેમજ પ્રથમ, દ્વિતીય તેમજ તૃતીય ક્રમે વિજેતા થયેલા કુલ 24 વિદ્યાર્થીઓને માટે ઈનામ વિતરણ જેવા કાર્યક્રમો યોજાયા હતા. શિબિરમાં ભાગ લીધેલ 72 સ્વયંસેવકો દ્વારા કેમ્પ દરમિયાન હાથ ધરવામાં આવેલા ચીખલી તાલુકાના મીયાંઝરી ગામના લોકોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ અને જીવન ધોરણ સંબંધિત 200 ઘરોનો એક સર્વેક્ષણ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

Divy Bhaskar-Navsari, 26-01-2019, Page No.02



## ખેરગામ કોલેજ NSS નો સામાજિક જાગૃતિનો કેમ્પ સંપન્ન

ખેરગામ|ખેરગામની સરકારી અને વાણિજ્ય કોલેજનો રાષ્ટ્રીય સેવા યોજનાનો વાર્ષિક કેમ્પ "સામાજિક જન જાગૃતિ અને તંદુરસ્ત સમાજ માટે યુવાનો" ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ મીયાંઝરી ગામની મુખ્ય પ્રાથમિક શાળાના પટાંગણમાં યોજાયો હતો.સાત દિવસના આ શિબિરમાં 72 વિદ્યાર્થીઓએ ગામમાં સર્વે હાથ ધરી 200 પરિવારની આર્થિક,સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ મેળવી પૂર્ણાહૂતી સમયે પોતપોતાના અનુભવો રજૂ કર્યા હતા. દૂધ મંડળીની સાફસફાઈ બૌધ્ધિક વ્યાખ્યાનો, શાળાના બાળકો સાથે રમતગમત તેમજ પ્રથમ, દ્વિતિય તેમજ તૃતિય ક્રમે વિજેતા થયેલ કુલ 24 ધ્યાર્થીઓને માટે ઈનામ વિતરણ જેવા કાર્યક્રમો યોજાયા હતા.

# તા. ૧૦/૦૧/૨૦૧૯ વિદ્યાર્થી સંઘની ચુંટણી


















## ખેરગામ કોલેજમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં વિનાયક પટેલનો જનરલ સેક્રેટરી પદે વિજય

ખેરગામ,તા.૧૦

ખેરગામ સરસિયા ખાતે આવેલી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં ગુરુવારે યોજાયેલી વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં પટેલ વિનાયક આઠ મત સાથે કોલેજના નવા જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાઈ આવતાં તેમના સમર્થકોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

સૌપ્રથમ કોલેજના નવ જેટલા સી.આર.એલ.આર.ની આચાર્ય ડૉ.એસ.એમ.પટેલની અધ્યક્ષતામાં વર્ષ ૨૦૧૮-૧૯ માટે પસંદગી કરવામાં આવી હતી. કોમર્સના પ્રથમ વર્ષમાં સી.આર. તરીકે વૈભવી સોમા પટેલ, બીજા વર્ષ માટે વિરલ મુકેશ પટેલ, ત્રીજા વર્ષ માટે નિરંજનકુમારી પટેલ, આર્ટસમાં પ્રથમ વર્ષમાં સી.આર. તરીકે પિંકલકુમાર પટેલ અને એલ.આર. તરીકે દર્શનાકુમારી પટેલ અને બીજા વર્ષમાં સી.આર. તરીકે વિનાયક પટેલ અને એલ.આર. તરીકે વિભૂતિ પટેલ, ત્રીજા વર્ષમાં સી.આર. તરીકે કિન્નરીકુમારી કેદારિયા અને એલ.આર તરીકે કવિતા પટેલ નિયુક્ત થયા હતા. નવ જેટલા એલઆર અને સીઆરમાં 4 મેરિટના આધારે અને 5 બિનહરીફ નિયુક્ત થયા હતા. ત્યારબાદ જનરલ સેક્રેટરી માટેની ચૂંટણી યોજાઈ હતી,જેમાં વિનાયક પટેલ અને પિંકલ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જેમાં પિંકલને એક મત મળ્યો હતો. જ્યારે આઠ મત સાથે પટેલ વિનાયકની જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાઈ આવતાં તેમના સમર્થકોમાં આનંદ અને ઉલ્લાસની લાગણી વ્યાપી ગઈ હતી. જીએસની ચૂંટણીમાં થયેલા વિજયોત્સવ મનાવવા ખેરગામ વિસ્તારમાં ડીજેના તાલ સાથે વરઘોડો ફેરવવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય અને સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

Gujarat Gardian, 11-01-2019, Page No. 07



## ખેરગામ કોલેજમાં વિનાયક પટેલની GS તરીકે ચૂંટાઇ આવ્યા

### સીઆર, એલ આરની ચૂંટણી બાદ જીએસની ચૂંટણી યોજાઇ

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

ખેરગામ સરસિયા ખાતે આવેલી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં ગુરુવારે યોજાયેલી વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં પટેલ વિનાયક આઠ મતો સાથે કોલેજના નવા જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાતા સમર્થકોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

કોલેજના નવ સી.આર. એલ.આરની આચાર્ય ડૉ.એસ.એમ.પટેલની અધ્યક્ષતામાં વર્ષ 2018-19 માટે પસંદગી કરવામાં આવી હતી. જનરલ સેક્રેટરી માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં પટેલ વિનાયક અને પિંકલ પટેલે ઉમેદવારી નોંધાવી હતી, જેમાં પિંકલને 1 મત મળ્યો જ્યારે 8 મત સાથે પટેલ વિનાયકની જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

ખેરગામ કોલેજમાં વિજેતા GS સમર્થકો સાથે.

Divy Bhaskar-Navsari-11-01-2019, Page No.04



દિવ્ય ભાસ્કર વલસાડ

## ખેરગામ કોલેજમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં વિનાયક પટેલ GS ચૂંટાયા

### સીઆર અને એલઆરની ચૂંટણી બાદ 8 મતે વિજેતા થયા હતા

Divy Bhaskar-Vapi-Valsad, 11-01-2019, Page No.02

કોલેજના જનરલ સેક્રેટરી તરીકે ચૂટાઈ આવેલા શ્રી વિનાયકભાઈ આઈ.પટેલ

# તા.૧૬/૦૮/૨૦૧૮ ગુરૂવારના રોજ તરૂણાવસ્થા અને યુવાવસ્થાના પ્રશ્નો અંગે સેમિનાર













## શારિરીક ફેરેફારો અને સમસ્યાઓ અંગે સેમિનાર

**ખેરગામ** | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે રૂસા કંમ્પોનન્ટ-09 હેઠળ પ્રાપ્ત અનુદાનમાંથી તરૂણાવસ્થામાં વિદ્યાર્થીઓના શારીરિક વિકાસના ફેરફારો અને સમસ્યાઓ ઉપર વિદ્યાર્થી ભાઇઓ અને બહેનોને માર્ગદર્શન આપતા સેમિનારનું આયોજન આચાર્ય ડૉ.સંજય પટેલના માર્ગદર્શન હેઠળ કરાયું હતું. સેમિનારમાં સુરતથી પધારેલા જનરલ સર્જન ડૉ. અમીબેન યાજ્ઞિકે કોલેજના વિદ્યાર્થીઓને તરૂણાવસ્થા, યુવાવસ્થા અને પ્રૌઢવસ્થામાં થતા પરિવર્તનો, સ્ત્રી-પુરૂષ પ્રજનનતંત્રનો વિકાસ, પ્રજનન ક્રિયાના પાસાઓ, તબક્કાઓ વગેરે અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. આ ઉપરાંત સ્ત્રી-પુરૂષની 10થી 20 વર્ષના સમયગાળા દરમિયાન શરીરમાં આવતા પરિવર્તનોના કારણે કેવા પ્રકારની સમસ્યાઓ ઉભી થાય છે, આ સમસ્યાઓ સાથે કેવી રીતે વર્તવુ તેની ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરી હતી. સેમિનારના ઉદઘાટન પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. સંજયકુમાર પટેલે ડૉ. અમીબેન યાજ્ઞિકનો પરિચય આપી આવકાર્યા હતા. આ કાર્યક્રમનો સમગ્ર સંચાલન કોલેજના પ્રાધ્યાપિકા નીમુબેન ચૌધરી દ્વારા કરાયું હતું.

Divy Bhaskar-Navsari, 18-08-2018,
Page no.02

વિદ્યાર્થીઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન પુરૂ પાડતા સુરતના જનરલ સર્જન ડૉ.અમી યાજ્ઞિક

# તા.૨૨/૦૯/૨૦૧૮ શનિવાર અંગ્રેજી વિષયમાં રેમેડિયલ ક્લાસિસ











અંગ્રેજી ગ્રામર માટે ખાસ માર્ગદર્શન પુરૂ પાડતા પ્રા.રીના દેસાઇ

## તા. ૨૪/૦૯/૨૦૧૮ને સોમવાર "તબીબી સાધનોનો ઉપયોગ અને તેના ફાયદાઓ" અંગે સેમિનાર

















**ખેરગામમાં તરૂણાવસ્થામાં શારીરિક સમસ્યાઓ અંગે સેમિનાર યોજાયો**

ખેરગામ| સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે રૂસા કમ્પોનન્ટ-09 હેઠળ પ્રાપ્ત અનુદાનમાંથી તરૂણાવસ્થામાં વિદ્યાર્થીઓના શારીરિક વિકાસના ફેરફારો અને સમસ્યાઓ ઉપર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને માર્ગદર્શન સેમિનાર યોજાયો. આ સેમીનાર આચાર્ય ડો.સંજય પટેલના પ્રા. નીમુબેન ચૌધરી તેમજ ડી. એમ. નકુમે માર્ગદર્શન આપ્યું હતું.

Divy Bhaskar-Vapi-Valsad,18-08-2018, Page no.02



TUESDAY, 21•08•2018

સંદેશ સંક્ષિપ્ત

**ખેરગામ કોલેજમાં વિદ્યાર્થીઓને શારીરિક વિકાસ અંગે માર્ગદર્શન**

ચીખલી : ખેરગામ ખાતે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં સુરતથી પધારેલા જનરલ સર્જન ડૉ. અમીબેન યાજ્ઞિકે કોલેજના વિદ્યાર્થીઓને તરુણાવસ્થા, યુવાવસ્થા, પૌઢ અવસ્થામાં શારીરિક વિકાસમાં થતા પરિવર્તનો તબક્કાવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સ્ત્રી-પુરુષની ૧૦ વર્ષથી ૨૦ વર્ષના સમયગાળા દરમિયાન શરીરમાં આવતા પરિવર્તનોના પગલે કેવા પ્રકારની સમસ્યા ઉભી થાય છે તેના નિરાકરણ માટે કેવી રીતે વર્તવું તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્ઘાટન પ્રસંગે આચાર્ય સંજયકુમાર પટેલે સ્વાગત કર્યું હતું. સંચાલન પ્રાધ્યાપિકા નિમુબેન ચૌધરીએ કર્યું હતું. આભારવિધિ રૂસાના કો-ઓર્ડિનેટર બી.એમ. નકુમે કરી હતી.

Sandesh-Navsari Sandesh, 21-08-2018, Page no.10

"તબીબી સાધનોનો ઉપયોગ અને તેના ફાયદાઓ" અંગે માહિતગાર કરતા ગણદેવા ખારેલ હોસ્પીટલમાં ફરજ બજાવતા ડૉ.હર્ષાબેન એ.શાહ અને તેમના સહયોગી ડૉ.મિહીરભાઈ

# તા.૨૫/૦૮/૨૦૧૮ શનિવારે રોજગારલક્ષી માર્ગદર્શન








વિદ્યાર્થીઓને રોજગારલક્ષી માર્ગદર્શન પુરૂ પાડતા અમદાવાદથી ઉપસ્થિત થયેલ મહેમાન સુરેશભાઈ મકવાણા